**Monday**
**12.09.2022**
**✱Volume :7 ✱ Issue No.41**
✱Email.: kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

✱Managing Editor: Arjun Sondarva ✱Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-



**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ દેશમાં સહકારી આંદોલનને વધુ મજબૂત કરવા માટે સહકારિતા મંત્રાલય બનાવ્યું અને તેનાં દ્વારા દેશના કરોડો ખેડૂતોને સમૃદ્ધ બનાવવાનું કામ થઈ રહ્યું છે**

### શ્રી અમિત શાહે ગુજરાતમાં અમરેલી ખાતે સહકાર સંમેલન - અમરેલી જિલ્લાની મુખ્ય સહકારી સંસ્થાઓની એજીએમને સંબોધન કર્યું

# અમરેલીમાં ગીર ગાયની જાતિને પ્રોત્સાહન, સંરક્ષણ અને સુધારણા માટેનું કેન્દ્ર પણ બનવાં જઈ રહ્યું છે :શ્રી અમિત શાહ

**વર્ષ ૧૯૯૫માં ખેડૂતોને આપવામાં આવતી લોન પર ૧૮ ટકાના વ્યાજદરને ઘટાડીને ૩ લાખ રૂપિયા સુધીની લોન પર શૂન્ય કરવાનું મોટું કામ કરીને મોદીજીએ બતાવ્યું કે, જ્યારે ખેડૂત હિતેચ્છુ સરકાર આવે છે ત્યારે કેવું પરિવર્તન આવે છે**

- **અમે વધુ ઉત્પાદન આપતાં બિયારણ બનાવવાં માટે પણ એક મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીની રચના કરવા જઈ રહ્યા છીએ**
- **આ વર્ષનાં બજેટમાં સહકારી મંડળીઓ પર વૈકલ્પિક કર ૧૮.૫ ટકાથી**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના અમરેલીમાં સહકાર સંમેલન -અમરેલી જિલ્લાની મુખ્ય સહકારી સંસ્થાઓની - એજીએમને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય પશુપાલન, ડેરી અને મત્સ્ય ઉદ્યોગ મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પોતાનાં સંબોધનમાં શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સહકારથી સમૃદ્ધિના ખ્યાલને દેશ સમક્ષ મૂકીને અને એ માટે સહકારિતા મંત્રાલય બનાવીને દેશના કરોડો ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે એક નવો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું હતું કે, સહકારનો અર્થ થાય છે, સાથે આવવું, સાથે વિચારવું, સાથે મળીને સંકલ્પ લેવો અને સાથે સંકલ્પ પૂર્ણ કરવા પુરુષાર્થ કરવો. દેશના પ્રથમ સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ૧૯૯૫થી ૨૦૨૨ સુધીના ઈતિહાસ પર નજર કરીએ તો તે દર્શાવે છે કે આટલાં વર્ષોમાં તેનો ગ્રાફ ક્યારેય નીચે ગયો નથી પરંતુ હંમેશા ઉપર તરફ ગયો છે. શરૂઆતમાં આ બેંકની થાપણો ૧૯ કરોડ હતી, જે આજે વધીને ૧૮૮૦ કરોડ થઈ ગઈ છે. ૧૯૯૫માં તેણે ૩૨ કરોડ રૂપિયાનું ફંડ આપ્યું હતું, જ્યારે હવે ૧૬૧૨ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે. કાર્યકારી મૂડી ૪૫ કરોડ રૂપિયાથી વધીને ૨૪૨૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે અને નફો ૪૫ લાખથી વધીને ૨૭ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. તેમણે કહ્યું કે આ બતાવે છે કે બેંકે કેટલું સારુ પ્રદર્શન કર્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૯૫માં ખેડૂતોને આપવામાં આવતા ઋણ ૧૮ ટકાના વ્યાજદરને રૂ. ૩ લાખ સુધીની લોન પર શૂન્ય કરવાનું મોટું કાર્ય કરીને મોદીજીએ બતાવ્યું છે કે, જ્યારે ખેડૂત હિતેચ્છુ સરકાર આવે છે, ત્યારે કેવું પરિવર્તન આવે છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આશરે ૧૩૫૦ ખેડૂતોને સ્ટોરેજ માટે વેરહાઉસ બનાવવા માટે લોન આપવામાં આવી છે. ૭૦ હજાર ખેડૂતોને રૂપે ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે ગુજરાતના સૌરાષ્ટ્રમાં દૂધ ઉત્પાદકોને તે સમયે સહકારી ડેરી ન હોવાથી નુકસાન વેઠવું પડતું હતું. પરંતુ આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં સૌરાષ્ટ્રની તમામ ડેરીઓ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે અને આપણી બહેનોને તેમના પૈસા મળી રહ્યા છે. વર્ષ ૨૦૦૨માં અમર ડેરી ૨૫૦૦ લીટર દૂધ પ્રોસેસ કરતી હતી, પરંતુ આજે અહીં ૧,૨૫,૦૦૦ લીટર દૂધ પ્રોસેસ કરવામાં આવી રહ્યું છે. આજે દર દસ દિવસે ૫ થી ૬ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થાય છે અને આમ એક વર્ષમાં ખેડૂતોનાં ખાતામાં ૨૦૪ કરોડ રૂપિયા જમા થાય છે અને ૧૮ કરોડ રૂપિયાનો નફો થાય છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, હવે દૂધની સાથે-સાથે મોદીજીએ મધમાખી ઉછેર યોજના પણ શરૂ કરી છે. ભારતને વિશ્વમાં મધનાં ઉત્પાદનમાં પણ નંબર વન બનાવવું જરૂરી છે. અમરેલીમાં ગીર ગાયની જાતિને પ્રોત્સાહન, જાળવણી અને સુધારા માટે એક કેન્દ્ર પણ શરૂ થવા જઈ રહ્યું છે. કેન્દ્રીય સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પ્રાથમિક ખેડૂત મંડળીઓ અને સેવા સહકારી મંડળીઓને કોમ્પ્યુટરાઈઝ કરીને તેમને જિલ્લા, રાજ્ય અને નાબાર્ડ સાથે જોડવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે આજે ૬૫ હજાર પેક્સ-પીએસીએસ છે અને અમે લક્ષ્ય નક્કી કર્યું છે કે પાંચ વર્ષમાં આ સંખ્યા ૬૫ હજારથી વધારીને ૩ લાખ કરવામાં આવશે અને પીએસીએસ બનાવવાનો કાર્યક્રમ આ વર્ષે જ ડિસેમ્બરથી શરૂ થશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે પેક્સનાં કમ્પ્યુટરાઈઝેશન માટે આશરે રૂ. ૨૫૧૬ કરોડ આપ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે, સરકાર નવી સહકાર નીતિ લાવવા પર પણ કામ કરી રહી છે, જે સહકારી મંડળીઓમાં આરોગ્ય, વીમા, પરિવહન, પર્યટન વગેરે જેવી પ્રવૃત્તિઓ ઉમેરશે. વર્તમાન તાલીમ માળખામાં સહકાર નીતિની સાથે સાથે કેન્દ્ર સરકાર સહકાર યુનિવર્સિટી બનાવીને દરેકને તાલીમ આપવાનું કામ પણ કરવા જઈ રહી છે અને આ માટે મોદીજીએ ૫૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ વર્ષનાં બજેટમાં સહકારી મંડીઓ પર વૈકલ્પિક કર ૧૮.૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા અને સરચાર્જને ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય સહકાર ડેટાબેઝ પણ બનાવવા પર કામ કરી રહી છે. આ ઉપરાંત ભારત સરકારે એવો નિર્ણય કર્યો છે કે, એક સહકારી ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે, જેથી ભારત સરકાર મંડળીઓની સંખ્યા અને તંદુરસ્તી બંનેની ઓનલાઈન ચકાસણી કરી શકે. તેમણે જણાવ્યું હતું કે, અમે પીએસીએસને બહુહેતુક બનાવવાની દિશામાં પણ કામ કરી રહ્યાછીએ, જેથીમાર્કેટિંગ, સ્ટોરેજ, ગોબર ગેસ, વીજળી વિતરણ, ગેસ વગેરે પ્રવૃત્તિઓ પીએસીએસને સોંપવાની વ્યવસ્થા થશે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ કુદરતી ખેતી પર પણ વિશેષ ભાર મૂકચો છે. ઓર્ગેનિક ઉત્પાદનો આપણા દેશ અને વિશ્વભરના લોકોનાં સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ખેડૂતોને ઊંચા ભાવ પણ મળશે. પરંતુ આ પ્રોડકટનાં સર્ટિફિકેશન માટે અમે અમૂલ અને અન્ય પાંચ સહકારી મંડળીઓને જોડીને એક મલ્ટિસ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી બનાવવાનું નક્કી કર્યું છે, જે દેશનાં દરેક રાજ્યમાં લૅબોરેટરી બનાવશે અને ત્યાં ખેડૂતોનાં ખેતરોની માટીનું પરીક્ષણ કરીને અમૂલ ઓર્ગેનિકનું પ્રમાણપત્ર લગાવીને તેનો નફો સીધો ખેડૂતના ખાતામાં જમા થઈ જશે. આ ઉપરાંત વધુ ઉત્પાદન આપતાં બિયારણ બનાવવાં માટે પણ અમે મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીની રચના કરવાના છીએ. આજે સમગ્ર વિશ્વમાં ખેતપેદાશોના ખૂબ સારા ભાવ મળી રહ્યા છે, પરંતુ તેનો લાભ ખેડૂતો અને મંડળીઓને મળે તેવી કોઈ વ્યવસ્થા નથી. આ બધો જ નફો મોટી મોટી કંપનીઓ લઈ રહી છે, એટલે જ અમે મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી બનાવવા જઈ રહ્યા છીએ.



**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં સૌરાષ્ટ્રની તમામ ડેરીઓ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે અને આપણી બહેનોને તેમના પૈસા મળી રહ્યા છે**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ પ્રાકૃતિક ખેતી પર પણ ખૂબ ભાર મૂક્યો છે, ઓર્ગેનિક ઉત્પાદનો આપણા દેશના અને દુનિયાભરના લોકોને સ્વાસ્થ્ય લાભ આપશે અને ખેડૂતોને ઉત્પાદનનો સારો દર પણ મળશે**

# સેન્ટર સ્ટેટ સાયન્સ કોક્લેવનો સમાપન સમારંભ

**કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિજ્ઞાન-ટેક્નોલોજીના વિકાસ માટે ડેશબોર્ડ તૈયાર કરાશે : કેન્દ્રીય સાયન્સ અને ટેક્નોલોજી મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહ**

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ શહેરમાં સાયન્સસિટી ખાતે આયોજિત બે દિવસીય સેન્ટર સ્ટેટ સાયન્સ કોક્લેવનો સમાપન સમારંભ કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના શિક્ષણ તેમજ સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહે સમાપન સત્રને સંબોધતા જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની વર્ચ્યુઅલ ઉપસ્થિતિને કારણે આ કોક્લેવ એક નવી ઊંચાઈ પર પહોંચી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્થાપિત કરેલી કાર્યસંસ્કૃતિનું જ પરિણામ છે કે આ કોક્લેવ નવા પરિમાણો પ્રસ્થાપિત કરશે. આ ફળદાયી સાયન્સ કોક્લેવની સફળતાને બિરદાવતા કેન્દ્રીય મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે આપણે આવી સેન્ટર સ્ટેટ સાયન્સ કોક્લેવ દર વર્ષે જુદા જુદા રાજ્યમાં યોજીશું. વધુમાં કેન્દ્રીય મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે દરેક રાજ્યની સાયન્સ ટેકનોલોજીને લગતી પહેલ અને સિદ્ધિઓનું અન્ય રાજ્યો અનુકરણ કરી શકે એ માટે એક ડેશબોર્ડ તૈયાર કરીશું, આગળ જતાં તેની એપ પણ બનાવાશે. ડેશબોર્ડના માધ્યમથી કેન્દ્ર અને તમામ રાજ્યો એકબીજા સાથે સતત જોડાયેલા રહેશે. કેન્દ્રીય મંત્રી શ્રીએ દરેક રાજ્યને એક નોડલ ઓફિસરની નિયુક્તિ કરવા અનુરોધ કર્યો, જે સતત કેન્દ્ર સરકાર સાથે સંપર્ક જાળવી રાખે. મંત્રીશ્રીએ આ પ્રસંગે સેન્ટર સ્ટેટ સાયન્સ કાઉન્સિલ બનાવવાનો વિચાર પણ રજૂ કર્યો. કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહે કોક્લેવના સુંદર આયોજન અને વ્યવસ્થા માટે ગુજરાત સરકારની ભરપૂર પ્રશંસા કરી હતી. આ પ્રસંગે મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના કોક્લેવના આયોજનથી માત્ર ગુજરાત કે ભારત જ નહીં સમગ્ર વિશ્વને એક નવી દિશા પ્રાપ્ત થશે. વિજ્ઞાન અને ટેકનોલોજી તથા સંશોધન એ કોઈપણ સમસ્યાના સમાધન માટે પાયો છે. આ સમગ્ર આયોજનને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિનું પરિણામ ગણાવતા મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ગુજરાતમાં વિજ્ઞાન-ટેકનોલોજીના ક્ષેત્રમાં જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થયું છે તેના પરિણામ સ્વરૂપ જ દેશમાં સૌથી પહેલા 'સેન્ટર-સ્ટેટ સાયન્સ કોક્લેવ'નું આયોજન શક્યબન્યું છે. મંત્રી શ્રી વાઘાણીએ વધુમાં ઉમેર્યું હતું કે, બે દિવસ દરમિયાન આયોજિત થયેલા વિવિધ સત્રોમાં વિવિધ રાજ્યોના મંત્રી શ્રીઓ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને નિષ્ણાતો વચ્ચે ખૂબ ફળદ્રુપ ચર્ચા થઈ છે જે કોઈપણ સમસ્યાના સમાધાનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકાને વધુ સ્પષ્ટ અને સરળ કરશે. સમાજના વિવિધ પડકારોને પાર કરી સર્વાંગી વિકાસને ગતિ આપવામાં આ પ્રકારના આયોજનો ખૂબ લાભદાયી બનશે, તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. શ્રી વાઘણીએ કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહની સમગ્ર કોક્લેવ દરમિયાન હાજરીને બિરદાવતા જણાવ્યું હતું કે, કદાચ આ પહેલો પ્રસંગ છે કે કેન્દ્રીયમંત્રીશ્રીએ સમગ્ર આયોજનમાં રસ દાખવી સતત બે દિવસ વિવિધ સત્રોમાં હાજરી આપી માર્ગદર્શન આપ્યું જે આવનારા સમય માટે ખૂબ જ પ્રેરણાદાયી અને પથદર્શક બની રહેશે. કોક્લેવના સમાપન સત્રમાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગના કેન્દ્રીય સચિવ ડૉ. એસ.ચન્દ્રશેખરે સમગ્ર આયોજનને મૂર્ત સ્વરૂપ આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્રસિંહ, રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘણી, કેન્દ્રીય અને રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અધિકારીઓનો આભાર માન્યો હતો, તેમજ આ પ્રકારના કોક્લેવ દ્વારા કેન્દ્ર અને રાજ્યોના સમન્વય થકી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે ભારત ખૂબ પ્રગતિ કરશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. કેન્દ્રના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રો. એ.કે.સૂદે સમગ્ર કોક્લેવ દરમિયાન કુલ ૯ સત્રોમાં ચર્ચાયેલા વિષયો, નિષ્ણાતોના તારણો અને ચર્ચાનો નિષ્કર્ષ રજૂ કર્યો હતો. સાથે સાથે કેન્દ્રીય વરિષ્ઠ સલાહકાર શ્રી ડૉ. અખિલેશ ગુપ્તાએ સૌનો આભાર પ્રગટ કર્યો હતો. આ બે દિવસીય રાષ્ટ્રવ્યાપી સંમેલનમાં કેન્દ્ર તેમજ વિવિધ રાજ્યના વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ગુજરાતના સાયન્સ-ટેકનોલોજી વિભાગના સચિવશ્રી વિજય નેહરા, વૈજ્ઞાનિકો, નિષ્ણાતો અને વિવિધ વૈજ્ઞાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા યુવાનો અને પ્રબુદ્ધ નાગરિકોએ હાજરી આપી હતી.




**સેન્ટર સ્ટેટ સાયન્સ કોક્લેવ દર વર્ષે અલગ અલગ રાજ્યમાં યોજવાની કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્ર સિંહની જાહેરાત**

# મુન્દ્રા કોલેજના છાત્રો તાલુકાકક્ષાના યુવા મહોત્સવમાં ઝળકયા



કમલમ્ ન્યુઝ, મુન્દ્રા,
રાજ્યની યુવા પ્રતિભાઓને બહાર લાવવા માટે રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા દર વર્ષે તાલુકાથી માંડી રાજ્યકક્ષા સુધી યુવા મહોત્સવ ઉજવવામાં આવે છે જે અંતર્ગત તાજેતરમાં મુન્દ્રાની આર.ડી. હાઈસ્કૂલ ખાતે યોજાયેલ તાલુકાકક્ષાના યુવા મહોત્સવમાં મુન્દ્રાની શેઠ આર.ડી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કેનિયા એન્ડ એક્રવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના અનેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી સાત વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં ઝળકયા હતા. યુવા મહોત્સવની લગ્ન ગીત સ્પર્ધામાં સંધ્યાબેન ચૌધરી (પ્રથમ), લોકવાર્તામાં રાજ ગઢવી (પ્રથમ), નિબંધ લેખન સ્પર્ધામાં હીનાબેન પટેલ (પ્રથમ), ગઝલ લેખન સ્પર્ધામાં સંજય ગોહિલ (પ્રથમ), અને રાજ ગઢવી (દ્વિતીય), ચિત્ર સ્પર્ધામાં પ્રગતિબેન આહીર (દ્વિતીય), ભજન સ્પર્ધામાં સામરા ગઢવી (દ્વિતીય), અને પ્રાધ્યાપક કાનજી ગઢવીએ (તૃતીય) ઉત્કૃષ્ઠ દેખાવ કરીને કોલેજનું નામ રોશન કર્યું હતું. કોલેજના પ્રાધ્યાપકો જ્યોતિકાબેન આહીર, કાનજી ગઢવી તેમજ અફસાનાબેનએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિજેતા છાત્રો તથા માર્ગદર્શન આપનાર પ્રાધ્યાપકોને શાળાના આચાર્ય ડો. દીપકભાઈ ખરાડી તથા ટ્રસ્ટના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ જેસરે અભિનંદન પાઠવ્યા હતા.

# તમિલનાડુ સરકારના પ્રવાસન મંત્રી ડૉ. એમ.માથીવેન્થને સ્ટેચ્યુ ઓફ યુનિટી ની મુલાકાત લીધી

## સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસરમાં મુકવામાં આવેલ એક-એક કદમમાં દેશભક્તિની ભાવના મહેસુસ થઇ છે,આવો અનુભવ અન્ય કોઇ જગ્યાએ થયો નથી - ડો. એમ.માથીવેન્થન, પ્રવાસન મંત્રી - તમિલનાડુ




કમલમ્ ન્યુઝ, શૈશવ રાવ
તમિલનાડુ સરકારના પ્રવાસન મંત્રી ડૉ. એમ.માથીવેન્થને એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઇ ધન્યતાનો ભાવ વ્યકત કર્યો હતો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસરમાં મુકવામાં આવેલ એક-એક કદમમાં દેશભક્તિની ભાવના મહેસુસ થઈ છે,આવો અનુભવ અન્ય કોઈ જગ્યાએ થયો નથી તેમ પોતાના પ્રતિભાવમાં જણાવ્યુ હતું. ડૉ.એમ. માથીવેન્થાને ૪૫ માળની ઉંચાઈએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી પ્રતિમાના હૃદયસ્થાનેથી અદભૂત નજારો પણ માણ્યો હતો અને વિધ્યાંચલ-સાતપુડા ગીરિમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય પણ નિહાળ્યું હતું.તદઉપરાંત, સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર વિશેની ફિલ્મ નિહાળવા ઉપરાંત ફિલ્મ એકઝીબીશનમાં પ્રદર્શિત કરાયેલ તસવીરી પ્રદર્શન પણ તેમણે નિહાળ્યું હતું. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના જનસંપર્ક અધિકારીશ્રી રાહુલ પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટીના આ સમગ્ર પ્રોજેક્ટ તેમજ વિશ્વની અન્ય વિરાટ પ્રતિમાઓની સરખામણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિરાટત્વની ઝીણવટભરી જાણકારી પુરી પાડી હતી, સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતી અને કોફીટેબલ બૂક સ્મૃતિરૂપે અર્પણ કરી હતી. ડૉ. એમ.માથીવેન્થને સ્ટેચ્યુ ઓફ યુનિટીની નોંધપોથીમાં પોતાના પ્રતિભાવ જણાવ્યા હતા, પ્રથમવાર મુલાકાત કરી અને અનુભવ ઘણો જ સુખદ રહ્યો, સરદાર સાહેબે પોતાનું જીવન આઝાદી અપાવવામાં ખપાવી દીધુ અને દેશને એકજુટ કરવા માટે ખુબ જ ઉમદા પ્રયાસો કર્યા હતા અને તેનું આબેહુબ વર્ણન પ્રદર્શનમાં કરવામાં આવ્યુ છે. આવનાર પેઢી માટે સરદાર સાહેબના જીવન અને તેમના કાર્યો વિશે સમજાવવુ ઘણુ જ અગત્યનું છે.મુલાકાત દરમ્યાન વેળાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબના જીવન કવનની ઝાંખી કરાવતો લેશર શો પણ નિહાળ્યો હતો.

# જામ-જોધપુર માર્કેટિંગ યાર્ડમાં ૪૧૨.૭૪ લાખના ખર્ચે થશે વિકાસના કામોનું ખાત મુહર્ત







કમલમ્ ન્યુઝ,
જામજોધપુર માર્કેટિંગ પાર્ડ મુકામે સરકારશ્રીની એસેટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકેટ આર.વી.વાય ૨૦૧૯-૨૦ અંતગલ જામ-જોધપુર માર્કેટીગ યાર્ડમાં ૪૧૨.૭૪ લાખના ખર્ચ વિવિધ વિકાસના કામોનું ખાતમૂર્હત પૂર્વ ઉર્જા અને કૃષિ મંત્રી ચિમનભાઈ સાપરીયાના વરદ હસ્તે જિલ્લા પંચાયત પ્રમુખ ધરમશીભાઈ ચનીયારાના પૂર્વ ધારાસભ્ય તેમજ માર્કટીગ પાર્ડના પ્રમુખ બ્રિજરાજસિહ જાડેજા ઉપપ્રમુખ કરશનભાઈ કરંગીયા માર્કેટીંગ યાર્ડના તમામ ડાયરેકટરો ખેડુત મિત્રો વેપારી ગણની ઉપસ્થીતીમાં તા.૧૨/૯/૨૨ સોમવારે ૧૦-૦૦ કલાકે રાખવામાં આવેલ છે

# અંબાજી ખાતે યોજાયેલ લોકસંપર્ક કાર્યક્રમને ભવ્ય પ્રતિસાદ મળ્યો, આસ્થાનો મેળો માહિતીનો મેળો બન્યો

## આઝાદીની સંઘર્ષગાથાના ફોટો પ્રદર્શનને નિહાળી દેશભક્તિ ના રંગે રંગાયા મા અંબાના ભક્તો



કમલમ્ ન્યુઝ,
મા અંબાના ધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આઝાદીની સંઘર્ષ ગાથાને રજૂ કરતા ફોટો પ્રદર્શને યાત્રાળુઓમાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું.

સ્વાતંત્ર્ય સેનાનીઓ વિશે જાણકારી આપતાં અને આઝાદીની વિવિધ ચળવળને રજૂ કરતા આ ફોટો પ્રદર્શન સાથેના વિશેષ લોક સંપર્ક કાર્યક્રમને ભવ્ય પ્રતિસાદ સાંપડ્યો છે. આ ફોટો પ્રદર્શનને નિહાળી મા અંબાની ભક્તિ કરવા પધારેલા ભક્તો દેશભક્તિના રંગે પણ રંગાયા અને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો,પાલનપુર દ્વારા આયોજિત આ લોક સંપર્ક કાર્યક્રમને સૌ યાત્રાળુઓએ ખૂબજ બિરદાવ્યો છે. અમૃત મહોત્સવની ઉજવણીની સાથે સાથે રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી પણ આ વિશેષ કાર્યક્રમમાં કરવામાં આવી છે. પોષણ અભિયાનમાં જનભાગીદારી વધારવા અને પોષણ અંગેના જનજાગૃતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવા આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા માહિતી અને માર્ગદર્શન આપતા સ્ટોલની સાથે વિવિધ રમતો, પત્રિકાઓ અને વકતવ્યના માધ્યમ થકી જાગૃતતા સંદેશ ફેલાવવામાં આવ્યો હતો. આ ભવ્ય પ્રદર્શનની સાથે જન જાગૃતિના સંદેશાને લઈને મનોરંજક નાટ્ય પ્રસ્તુતિ, સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આયોજીત જાણકારી અને માર્ગદર્શન પૂરા પાડતા વિવિધ સ્ટોલ્સ, આઝાદી ક્વીસ્ટ ગેમ મોબાઈલ એપ્લિકેશન અંગે જાણકારી, વિભિન્ન સ્પર્ધાઓ, પુરસ્કાર વિતરણ, સેલ્ફી કોર્નર જેવા વિભિન્ન કાર્યક્રમો સાથે આયોજીત આ લોક સંપર્ક કાર્યક્રમ તેના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ રહ્યો હતો.

# રૂ. ૬૧ કરોડથી વધુના વિકાસકામો સાથે કચ્છ જિલ્લામા યોજાશે 'વિશ્વાસ થી વિકાસ' યાત્રા


## વિધાનસભા અધ્યક્ષ ડો.નીમાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાશે જિલ્લા કક્ષાનો'વિશ્વાસ થી વિકાસ' યાત્રાનો કાર્યક્રમ

### તા.૧૨ મી સપ્ટેમ્બરે પ્રાંત કક્ષાના કાર્યક્રમો અને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ તા.૧૩ મી સપ્ટેમ્બરે યોજાશે





કમલમ્ ન્યુઝ, ભુજ,
આગામી તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમિયાન રાજયભરમા યોજાઈ રહેલા 'વિશ્વાસ થી વિકાસ' યાત્રાના કાર્યક્રમો અંતર્ગત, કચ્છ જિલ્લામા પણ અંદાજીત રૂ. ૬૧ કરોડથી વધુના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામો કરવામાં આવશે. વિવિધ યોજનાકીય કામગીરીની જાણકારી દ્વારા પ્રજાજનોની સામાજિક અને આર્થિક પ્રગતિને ઉજાગર કરવાના હેતુ સાથે આયોજિત, આ 'વિશ્વાસ થી વિકાસ' યાત્રા દરમિયાન વિકાસ કાર્યોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેવા લોકાભિમુખ કાર્યક્રમો પ્રજારપણ કરવામાં આવશે. કચ્છ જિલ્લામાં તા. ૧૨ મી સપ્ટેમ્બરે પ્રાંત કક્ષાના કાર્યક્રમો, અને તા. ૧૩ મી સપ્ટેમ્બરે જિલ્લા કક્ષાના કાર્યક્રમને આખરી ઓપ આપતા જિલ્લા કલેકટરશ્રી પ્રવિણા ડી.કે. તથા નિવાસી અધિક કલેકટર શ્રી મિતેશભાઈ પંડયાએ આયોજન બેઠકમાં સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડી જરૂરી સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારીશ્રી જે. કે. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ભુજ ટાઉનહોલ ખાતે વિધાનસભા અધ્યક્ષા ડો.નીમાબેન આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાશે.કચ્છ જિલ્લાના 'વિશ્વાસ થી વિકાસ' યાત્રાના પ્રાંત કક્ષાના કાર્યક્રમોમાં અંદાજીત રૂ. ૧૮ કરોડ, ૩૭ લાખની કિમતના કુલ ૯૪૯ કામો, અને જિલ્લા કક્ષાના કાર્યક્રમમા અંદાજિત રૂ.૪૨ કરોડ, ૯૭ લાખની કિમતના ૨૪ કામોનો સમાવેશ કરાયો છે.

# ડાંગ જિલ્લામા યોજાનાર 'વિશ્વાસ થી વિકાસ' યાત્રાના કાર્યક્રમમા કુંડા-ચીંચોડ-સિલોટમાળ-સિલોટમાળ રોડનુ લોકાર્પણ કરાશે



કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ
તારીખ ૧૩મી સપ્ટેમ્બરે ડાંગ જિલ્લાના 'વિશ્વાસ થી વિકાસ' યાત્રાના જિલ્લા કક્ષાના કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અપગ્રેડ કરાયેલા, વઘઇ તાલુકાના કુંડા-ચીંચોડ-સિલોટમાળ રોડનુ પણ અન્ય વિકાસકામોની સાથે લોકાર્પણ કરાશે. જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર શ્રી રાજુભાઇ ચૌધરી તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, સને ૨૦૨૦/૨૧ મા 'પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના' હેઠળ મંજુર થયેલ રૂ.૬૪૮.૩૪ લાખની કિંમતનુ કુંડા-ચીંચોડ-સિલોટમાળ રોડના અપગ્રેડેશનનુ કાર્ય પૂર્ણ થતા, આ રોડનુ 'વિશ્વાસ થી વિકાસ' યાત્રાના જિલ્લા કક્ષાના કાર્યક્રમમા લોકાર્પણ કરાશે. ઉલ્લેખનિય છે કે, આ માર્ગની ૩ મીટરની પહોળાઈને ૫.૫૦ મીટર કરવામા આવી છે. જેનાથી આસપાસના ગ્રામજનોનો તાલુકા મથક વઘઇ સુધીનો વાહન વ્યવહાર વધુ સરળ અને ઝડપી બનશે. સાથે સાથે એસ.ટી. બસ વ્યવહાર, અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા જેવી ઈમરજન્સી સેવાઓ પણ વધુ સુગમ બનશે. ખેડૂતો તેમના ખેત ઉત્પાદનને સમયસર માર્કેટ સુધી પહોંચાડી શકશે. તો વિદ્યાર્થીઓ અને મુસાફર જનતાને પણ આ માર્ગ વધુ ઉપયોગી થઈ રહેશે.

# મોરબીમાં નવા બસ સ્ટેન્ડ સામે સરદાર પટેલની સાથે શહીદ વિરોની પ્રતિમા પણ મુકાશે.



કમલમ્ ન્યુઝ, મનુભાઈ ખાંડેખા
સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન અને પાટીદાર નવરાત્રી મહોત્સવ દ્વારા આ સરાહનીય કાર્ય આશરે ૧૫ લાખના ખર્ચે કરવામાં આવશે મોરબીમાં સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન અને પાટીદાર નવરાત્રી મહોત્સવ મહોત્સવના મુખ્ય આયોજક અજય લોરીયા દ્વારા સરદાર પટેલની નવી પ્રતિમા મૂકવામાં આવશે તેમજ સાથે ક્રાંતિવીરો શહીદ ભગતસિંહ સુભાષચંદ્ર બોઝ રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ ની પ્રતિમા પણ મુકાશે. મોરબીના સેવાભાવી અને દેશભક્તિ યુવાન અજય દ્વારા નવા બસ સ્ટેન્ડ સામે આવેલ સરદાર પટેલની પ્રતિમાને નવી બનાવી અને મૂકવામાં આવશે અને સર્કલને પણ રિનોવેશન કરવામાં આવશે જે છે. આ લોખંડી પુરુષની સાથે દેશની આઝાદીમાં મહત્વનું યોગદાન છે એવા શહીદ વીર જવાનો ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, રાજગુરુ અને સુભાષચંદ્ર બોઝ ની પ્રતિમા પણ સરદાર પટેલની પ્રતિમા પહેલા મૂકવામાં આવશે આ પ્લપ્રતિમા ઘડવાનું કાર્ય હાલ થાનના એક કારીગર દ્વારા કરવામાં આવી રહ્યું છે જે થોડા સમયમાં પૂર્ણ થશે અને માતાજીના નવલા નોરતા નાપ્રારંભે પ્રથમ દિવસે આ પ્રતિમાઓનું અનાવરણ કરવામાં આવશે આ ઉપરાંત ત્યાં રાષ્ટ્ર ધ્વજ પણબંને બાજુ લગાડવામાં આવશે તેમ સેવા જ સંપત્તિ ફાઉન્ડેશનના ચેરમેન અને નવરાત્રી મહોત્સવ ના આયોજક અજય લોરીયા દ્વારા જણાવ્યું હતું અને સાથે આર્ટિકેટ યોગેશ બપોદરિયાએ એ સુંદર મજાનો કારીગીરી દ્વારા સર્કલની ડિજાઈન વિના મૂલ્યે બનાવી આપેલ છે..

# વિવિધ રાજયોના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રીઓએ એકવાટિક ગેલેરીની મુલાકાત લીધી

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના ડ્રીમ પ્રોજેક્ટ એવા સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓથી સાયન્સ એન્ડ ટેકનોલોજીના મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ ખૂબ જ પ્રભાવિત થયા









કમલમ્ ન્યુઝ,
સાયન્સ સિટી ખાતે યોજાયેલી બે દિવસીય સેન્ટર-સ્ટેટ સાયન્સ કોક્લેવ-૨૦૨૨માં ગુજરાત સહિત આઠ રાજ્યોના સાયન્સ અને ટેકનોલોજી મંત્રીશ્રીઓ ઉપરાંત મોટા ભાગનાં રાજ્યોનાં સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્યના શિક્ષણ તથા સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓને સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓ તથા ભવનોની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો. વિવિધ રાજ્યોના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રીઓએ કોક્લેવમાંથી સમય વિશેષ સમય ફાળવીને શ્રી જીતુભાઈ વાઘાણી સાથે એક્વાટિક ગેલેરીની મુલાકાત લીધી હતી. મધ્યપ્રદેશના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રીશ્રી ઓમપ્રકાશ સકલેચા તથા આસામના મંત્રી શ્રી કેશવ મહંતો એક્વેટિક ગેલેરી નિહાળીને ખૂબ જ રાજી થયા હતા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા સાયન્સ સિટીની ખૂબ જ પ્રશંસા કરી હતી. રાજસ્થાનના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી મુગ્ધા સિંહા એકવેટિક ગેલેરીથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને એક્વેરિયમની રંગબેરંગી માછલીઓની તસવીરો પોતાના મોબાઇલ ફોનમાં લીધી હતી. મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓએ ૭ડી મૂવિ પણ માણી હતી અને કાફેની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓને શિક્ષણ મંત્રીશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા માટે પણ અનુરોધ કર્યો હતો અને ત્યાં જવા માટે જરૂરી વ્યવસ્થા કરવાની પણ તૈયારી બતાવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતની પહેલી 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી'નું લોન્ચિંગ

## રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પૂર્ણેશ મોદી, શ્રી અરવિંદ રૈયાણી અને અભિનેતા અજય દેવગણે આપી હાજરી






### સીનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૭ થકી ગુજરાતમાં ફિલ્મ સર્જનની નવી ક્ષિતિજો ખુલી જશેઃ શ્રી પૂર્ણેશ મોદી



- વિશ્વના ઉદ્યોગ અને વ્યવસાયકારો રોકાણ માટે ભારત અને ગુજરાત પર પસંદગી ઉતારી રહ્યા છે
- અમારી ટિમ ગુજરાતને દરેક ક્ષેત્રે અગ્રીમ રાખવા પ્રયાસ રત








કમલમ્ ન્યુઝ,

ગુજરાતની સૌપ્રથમ 'સીનેમેટિક ટુરિઝમ પોલિસી'નું લોન્ચિંગ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે અભિનેતા અજય દેવગણ, રાજ્ય સરકારના મંત્રી શ્રી પુર્ણેશ મોદી અને અરવિંદ રૈયાણી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સિનેમેટીક ટુરીઝમ પોલિસી ગુજરાતમાં ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટમાં મહત્વપૂર્ણ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ક્હ્યુંકે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમા વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને ગુજરાત એમના જ માર્ગ દર્શનમા દેશનું વિકાસ મોડલ બન્યું છે. ગુજરાત પોલીસી ડ્રીવન સ્ટેટ છે અને વિશ્વના રોકાણકારો માટે પસંદગીનું પ્રથમ સ્થાન બની ગયું છે.

આત્મ નિર્ભર ગુજરાતના નિર્માણ થી આત્મ નિર્ભર ભારત માટે આ પોલીસી ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્ય મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આ પોલિસી ફિલ્મ મેકીંગ ક્ષેત્રના સર્વિસ પ્રોવાઈડર્સને એક મંચ પર લાવી પ્રવાસન વિકાસને પણ અપ્રતિમ વેગ આપશે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે આ નવી પોલિસી ગુજરાતમાં ફિલ્મ નિર્માણ માટે સક્ષમ તકો ઉભી કરશે તેમજ સ્થાનિક લોકોને રોજગારીના અવસર પણ આપશે. પ્રસિદ્ધ અભિનેતા અજય દેવગણે ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે, આ સીનેમેટિક ટુરિઝમ પોલિસીના લોન્ચિંગ પ્રસંગે ઉપસ્થિત રહેવાનો આનંદ છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત સરકારે સીનેમેટિક ટુરિઝમ પોલિસી જાહેર કરી તેની મને ખુશી છે.

ગુજરાત સાથેના અનુભવો અંગે અજય દેવગણે જણાવ્યુ હતું કે, અહીંની સંસ્કૃતિ, વિસ્તારો અને વિવિધ ગુજરાતી વાનગીઓ મને આકર્ષે છે. અહીંના લોકોનો પ્રેમ પણ ખૂબ સારો મળ્યો છે. હું ગુજરાત સાથે વર્ષોથી જોડાયેલો છું. આ પોલિસીના માધ્યમથી ફિલ્મ જગતને સારો સહકાર મળી રહેશે. આ પ્રસંગે પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ એ ગુજરાતમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ સીનેમેટિક ટુરિઝમ પોલિસી ગુજરાતના પર્યટનને આગળ વધારવામાં ખૂબ મહત્વની બની રહેશે. તથા આ પોલિસીથી ગુજરાતમાં રોજગારી ઉતપન્ન થશે. ગુજરાત આગામી દિવસોમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. ટુરિઝમ વિભાગના સચિવ શ્રી હારીત શુક્લાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સિનેમાના પડદે દર્શાવતું સ્થળ લોકોને યાદ રહી જાય છે અને બાદમાં તે ટુરિઝમ સ્પોટ બની જાય છે.

દેશ-વિદેશના આવા અનેક સ્થળોનો પરિચય આપણને મુવીમાંથી મળે છે. ગુજરાતમાં કચ્છનું સફેદ રણ, શિવરાજપુર બીચ જેવા અનેક સ્થળો છે જ્યાં શૂટિંગ સ્પોટ બની શકે તેવી વ્યાપક તકો છે. તેમણે સીનેમેટિક ટુરિઝમ પોલિસી થકી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ગુજરાતમાં શૂટિંગની તકો વધશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. આ પોલિસી લોન્ચિંગ સાથે મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુજરાતમાં ફિલ્મ મેકીંગ, સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રકચર, એકટીંગ સ્કૂલ સહિતના વિવિધ વિષયોમાં રોકાણો માટેના કુલ રૂ.૧૦૨૨ કરોડના ચાર એમ.ઓ.યુ. પ્રવાસન વિભાગ સાથે કેટલાક રોકાણકારો દ્વારા કરવામાં આવ્યા હતા. અભિનેતા અજય દેવગણે પણ રાજ્યમાં ફિલ્મ મેકીંગ અને સ્ટુડીયો ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય સુવિધાઓ માટેના એમ.ઓ.યુ. કર્યા હતા આ અવસરે સીનેમેટિક ટુરિઝમ પોલિસીની જાણકારી આપતી શોર્ટફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. ટુરિઝમ વિભાગના કમિશનર અને સ્હ્રુ શ્રી આલોક કુમાર પાંડેએ ઉપસ્થિત મહાનુભાવો, ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા લોકોનો કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી બચવાનો શ્રેષ્ઠમાર્ગ એટલે પ્રાકૃતિક કૃષિ : રાજ્યપાલશ્રી









કમલમ્ ન્યુઝ, જતીન સોની

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલા પ્રાકૃતિક કૃષિ, પ્રકૃતિના શરણે... પરિસંવાદમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરતા જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ પ્રાકૃતિક કૃષિ છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી દેશના ખેડૂતો અને ખેતી આત્મનિર્ભર બનશે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવા આહ્વાન કર્યુ છે. જેને સાકાર કરવા ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ જનઅભિયાન ઉપાડ્યું છે. દાહોદ જિલ્લાના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે અનુરોધ કરતા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો માટે આશીર્વાદરૂપ ગણાવી હતી. પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિદ્ધાંતોની સમજ આપતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિમાં દેશી ગાયનું અત્યંત મહત્વ છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણું હોય છે. જયારે ગૌ-મૂત્ર ખનીજોનો ભંડાર છે.

દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, દાળનું બેસન, ગોળ અને માટીનું પાણીમાં મિશ્રણ બનાવી જીવામૃત અને ઘનજીવામૃત બનાવવામાં આવે છે. જે કલ્ચરનું કાર્ય કરે છે અને પ્રાકૃતિક ખાતર તરીકે વાપરી શકાય છે. જીવામૃત – ઘનજીવામૃતથી જમીનમાં સૂક્ષ્મજીવો અને અળસિયા જેવા મિત્ર જીવોની વૃદ્ધિ થાય છે. જે જમીનમાં રહેલા ખનીજતત્વોનું શોષી શકાય તેવા સરળ પદાર્થોમાં રૂપાંતર કરે છે. જેનું શોષણ કરી છોડ પોષણ મેળવે છે. અને જમીનની ફળદ્રપતામાં વધારો થાય છે. રાજ્યપાલશ્રીએ અળસીયાને ખેડૂતોના મિત્ર ગણાવ્યા હતા. અળસીયા જમીનમાં અસંખ્ય છેદ બનાવી જમીનને નરમ બનાવે છે. જમીનમાં પૂરતો ઓક્સિજન મળે છે. અને આ છિદ્રો દ્વારા પાણી જમીનમા ઉતરતા કુદરતી રીતે જળસંચય થાય છે.

રાજ્યપાલશ્રીએ જમીનને કૃષિ અવશેષોથી ઢાંકવા માટે આચ્છાદન એટલે કે મલ્ચીંગના મહત્વને સમજાવતાજણાવ્યું હતું કે, મલ્ચિંગથી જમીનનું ઊંચા તાપમાન સામે રક્ષણ થાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ છે. જેનાથી પાણીની પચાસ ટકા જેટલી બચત થાય છે. નિંદામણની સમસ્યા હલ થાય છે અને અળસીયાં જેવા મિત્ર જીવોને દિવસ દરમિયાન કાર્ય કરવાનું વાતાવરણ બની રહે છે. તેમને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં મિશ્ર પાકના મહત્વને પણ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઓર્ગેનિક કૃષિ અર્થાત જૈવિક કૃષિને પ્રાકૃતિક કૃષિથી સાવ અલગ પદ્ધતિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિમાં વર્મિકંમ્પોસ્ટ બનાવવાનો ખર્ચ થાય છે. નિંદામણની સમસ્યાનો હલ થતો નથી. વિદેશી અળસિયા ભારતીય વાતાવરણમાં પૂરી ક્ષમતાથી કાર્ય કરી શકતા નથી. જેના કારણે ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે અને ખર્ચ વધવાના કારણે ઓર્ગેનિક કૃષી ખેડૂતો માટે લાભકારી નથી જયારે પ્રાકૃતિક કૃષિમાં કૃષિખર્ચ નહિંવત આવે છે. ઉત્પાદન ઘટતું નથી, જમીનનો ઓર્ગેનિક કાર્બન વધવાથી જમીન ફળદ્રુપ બને છે અને સરવાળે ખેડૂતો માટે લાભકારી સાબિત થાય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે , રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધૂધ ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. રાસાયણિક કૃષિમાં ખર્ચ સતત વધી રહ્યો છે અને ઉત્પાદન દિનપ્રતિદિન ઘટતું જાય છે. આના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કંગાળ બની રહી છે. રાસાયણિક કૃષિના કારણે જળ-જમીન અને પર્યાવરણ દૂષિત થયા છે. દૂષિત ખાધાન્ન આરોગવાથી લોકો કેન્સર, હદયરોગ જેવા અસાધ્ય રોગના ભોગ બની રહ્યાં છે.

રાસાયણિક કૃષિના દૃષ્પરિણામોથી બચવાનો મજબુત વિકલ્પ પ્રાકૃતિક કૃષિ હોવાનો જણાવી રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. દેશી ગાયનું જતન-સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટે છે અને ઉત્પાદન પૂરતું મળવાને કારણે પ્રાકૃતિક કૃષિ ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પાછળ કેન્દ્ર સરકારને વર્ષે અઢી લાખ કરોડનો આર્થિક બોજ સહન કરવો પડે છે. રાજ્યપાલશ્રીએ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તે માટે ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કરી ખેડૂત અને ખેતીને આત્મનિર્ભર બનાવવા સૌને પ્રેરિત કર્યા હતા. સાંસદ શ્રી જસંવતસિંહ ભાભોરે પરિસંવાદમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં દેશ કૃષિ ક્ષેત્રે હરણફાળ વિકાસ કરી રહ્યો છે. દાહોદ જિલ્લો પણ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં અગ્રેસર છે.

પ્રાકૃતિક કૃષિએ અત્યારના સમયની માંગ છે. જયારે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓથી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યને નુકશાન થઈ રહ્યું છે. ત્યારે પ્રાકૃતિક ખેતીએ પર્યાવરણ, સ્વાસ્થ્ય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ માટે મહત્વની છે. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ સફળતા પૂર્વક કરી રહેલા ૯ જેટલા ખેડૂતોને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ બાબતની એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ દર્શાવાઈ હતી. જે ખેડૂતોએ રસપૂર્વક નિહાળી હતી. પ્રાકૃતિક ખેત પેદાશોના સ્ટોલની મહાનુભાવો તેમજ ખેડૂતોએ મુલાકાત લીધી હતી. કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ ગુજરાતના રાજયપાલશ્રી સહિત અહીં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતા જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક કૃષિ અપનાવવાના આહ્વાન બાદ દાહોદ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધ્યો છે. જિલ્લામાં અત્યારે ૧૨૫૦૦ એકરમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. જિલ્લાના ૧૩ હજારથી વધુ કૃષિકારોએ પ્રાકૃતિક ખેતીને અપનાવી છે. દરેક ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અભિયાન સ્વરૂપે સઘન કામગીરી થઈ રહી છે. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નેહા કુમારીએ પોતાના આભાર પ્રવચનમાં જણાવ્યું કે, ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી થાય એ માટે પ્રયાસો કરાઇ રહ્યાં છે ત્યારે રાજ્યપાલશ્રીની અધ્યક્ષાતામાં યોજાયેલા કાર્યક્રમથી અહીંના ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા માટે પ્રોત્સાહિત થયા છે. આ વેળાએ વિધાનસભાના દંડક શ્રી રમેશભાઈ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી શીતલબેન વાઘેલા, પૂર્વમંત્રી અને ધારાસભ્ય શ્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર, સ્ટેટ નોડલ અધિકારીશ્રી આત્મા, આત્મા પ્રોજેકટ ડાયરેકટર શ્રી પટેલ, દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા, નિવાસી અધિક કલેકટર શ્રી એ.બી. પાંડોર, અગ્રણી શ્રી જિથરાભાઈ, શ્રી પર્વતભાઈ, શ્રી શંકરભાઈ અમલીયાર, શ્રી સુધીરભાઈ, શ્રી કનૈયાલાલ સહિતના પદાધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028